# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-08-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## PM-અમદાવાદ:

રાજ્યની બે દિવસીય મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદ સ્થિત TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન કર્યું. ભારત અને જાપાન વચ્ચે સઘન ભાગીદારી પર પ્રકાશ પાડીને 2047 સુધીમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની ભારતની યાત્રામાં મુખ્ય વિકાસ ભાગીદાર તરીકે જાપાનની ભૂમિકાનો પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો...

(બાઇટ- PM MAKE-IN-INDIA)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, મેક ઇન ઇન્ડિયા પહેલે વૈશ્વિક અને સ્થાનિક ઉત્પાદકો બંને માટે અનુકૂળ વાતાવરણ બનાવ્યું છે. તેમણે સુઝુકીના આ પગલાને મેડ ઇન ઇન્ડિયા અને મેક ફોર ધ વર્લ્ડનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું. સ્વચ્છ ઉર્જા અને સ્વચ્છ ગતિશીલતાના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "સ્વચ્છ ગતિશીલતા ભવિષ્ય છે, અને ભારત સ્વચ્છ ગતિશીલતા ઉકેલો માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે. તેમણે ભારતની સક્ષમ લોકશાહી અને વસ્તીનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો.

(બાઈટ: PM-DEMOCRACY)

નવા લોન્ચ થયેલા ઉત્પાદનો યુરોપ અને જાપાન જેવા મુખ્ય બજારો સહિત 100 થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે. ગુજરાતની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ અમદાવાદમાં સુઝુકી મોટરના હાંસલપુર પ્લાન્ટમાં પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

---

## રાજ્યના જળાશયો:

ભારે વરસાદને કારણે રાજ્યના 96 જળાશય હાઇએલર્ટ પર છે, જ્યારે 29 જળાશયોને એલર્ટ પર રખાયા છે. ત્યારે રાજ્યના અનેક જળાશયોમાંથી પાણી છોડવામાં આવીરહ્યું છે. નર્મદા બંધમાંથી 43 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે, જ્યારે મહેસાણાના ધરોઇ બંધમાંથી આજે 38 હજાર 976 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

---

## કચ્છના નાની સિંચાઈ યોજનાના ડેમ:

કચ્છ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાની સ્થિતિની 25મી ઓગસ્ટની સ્થિતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો છે. જીલ્લાના નાની સિંચાઈના કુલ 170માંથી 61 પૂર્ણ ભરાયેલાછે અને 48 ડેમ ઓવરફ્લો થયા હોવાનું જણાવવામાં આવ્યું છે. ૪૮ ઓવરફ્લો ડેમમાં માંડવીના 14, નખત્રાણાતેમજ અબડાસાના ૧૩-૧૩ ડેમનો સમાવેશ થાય છે. જયારે, 39 ડેમમાં હજુયે પાણી તળિયામાં છે.

---

## વરસાદ:

રાજ્યમાં વરસાદનું જોર ઘટતા આજે 41 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.રાજયમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 85 ટકા વરસાદ વરસ્યો છે.

આ સિવાય ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં જીલ્લામાં ભારે વરસાદની આગાહી છે અને હવામાન વિભાગ દ્વારા માછીમારોને 29 ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવીછે.

---

## અબડાસામાં વિક્રમી વાવેતર:

આ વર્ષે સારા વરસાદનાં પગલે અબડાસા તાલુકામાં ચોમાસુ પાકનું વિક્રમી 64,454 હેકટર જમીન પર વાવેતર થયું છે. સૌથી વધુ મગફળી, કપાસ અને એરંડાના પાકનું વાવેતર કરાયું છે. સૌથી વધુ 22,929 હેકટરમાં મગફળીનું વાવેતર થયું છે. ત્યારબાદ કપાસ 17,752 હેકટર અને એરંડા 11,148 હેકટરમાં વાવવામાં આવ્યા છે.

---

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ:

ભારત સરકારના શિપિંગ મંત્રાલય હેઠળની દરિયાઇ બાબતોની ટોચનીએડવાઇઝરી સંસ્થા નેશનલ શીપીંગ બોર્ડના ચરેમેન સમીર કુમાર ખરે તથા બોર્ડના ઉચ્ચ અધિકારીગણે દિનદયાલ પોર્ટના વિકાસ અને વિસ્તરણની સમીક્ષા માટે પોર્ટની મુલાકાત લીધી હતી.આ પ્રસંગે અગ્રણી વેપાર-ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બરનાપ્રમુખ મહેશ પુજની અધ્યક્ષતા હેઠળ ચેમ્બરનું પ્રતિનિધિમંડળ તેમને મળીને કંડલા-માળીયાકોસ્ટલ હાઈવે તેમજ કંડલા એરપોર્ટના વિસ્તરણ સહિતની રજુઆતો કરી હતી. નેશનલ શિપિંગ બોર્ડના ચેરમેન સમીરકુમારે પ્રતિનિધિમંડળનેઆ અંગે યોગ્ય કરવા ખાતરી આપી હતી.

---

## શાંતિ સમિતિની બેઠક:

આગામી ગણેશ ચતુર્થી અને ઈદ એ મિલાદના તહેવારો દરમિયાનશાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિનીબેઠક યોજાઈ હતી.બેઠકમાં તમામ હિન્દુ-મુસ્લિમ આગેવાનોને તહેવારો દરમિયાનકાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવાની ખાતરી આપી હતી.

---

# પર્યાવરણ બચાવ અભિયાન:

લખપત તાલુકાના કલરવાંઢ ગામની પ્રાથમિક શાળાએ પર્યાવરણ બચાવ અભિયાન ક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ કરતા વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકર્ડમાં સ્થાન મેળવ્યુંછે.શાળાના વિદ્યાર્થીઓએ શાળા અને ગામમાંથી 3000થી વધુ પ્લાસ્ટિકની બોટલ અને થેલીઓ એકત્રિત કરી હતી તેમજ ગ્રામજનોને કચરો યોગ્ય સ્થળે નાખવા અને વૃક્ષા રોપણ માટે પ્રેરિત કર્યા હતા.

આ ઉપરાંત, શાળાએ વેકેશન દરમિયાન વિવિધ સંસ્થાઓના સહયોગથી 2000 જેટલા વૃક્ષોવાવીને બાલ વન વાટિકા પણ વિકસાવી છે.

---